# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/016 Dt. 25/06/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# સન્માનથી સંબંધો મજબૂત થાય છે, ચેમ્બર દ્વારા લેડીઝ વીંગના પૂર્વ ચેરપર્સનોનું સન્માન કરાયું

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના લેડીઝ વીંગ દ્વારા શનિવાર, તા. ૨૧ જૂન ૨૦૨૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે 'લેડીઝ વીંગ મહા સંમેલન' યોજાયું હતું, જેમાં ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ ચેરપર્સનોનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બર ઓફ કોમર્સને આજે ઊંચાઇ સુધી પહોંચાડવા માટે પૂર્વ પ્રમુખોનું લોહી સિંચાયેલું છે. તેમના પ્રયાસોથી જ ચેમ્બરને વર્ષોથી એકજ દિશામાં કાર્ય કરવાની પ્રેરણા મળે છે, પરંતુ ચેમ્બરની આ સફળતાનો સાચો શ્રેય પૂર્વ પ્રમુખોની પત્નીઓને જાય છે. ચેમ્બરના પ્રમુખ તરીકે વ્યકિત જ્યારે કામગીરી કરતા હોય છે ત્યારે તેઓનું ઘર, પરિવાર સહિતની અન્ય જવાબદારીઓ તેમની પત્ની સંભાળે છે, આથી ચેમ્બર દ્વારા તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

ચેમ્બરના લેડીઝ વીંગના ચેરપર્સન શ્રીમતી મયૂરીબેન મેવાવાલાએ જણાવ્યું હતું કે, ચેમ્બરના લેડીઝ વીંગની શરૂઆત વર્ષ ૧૯૯૧થી થઇ હતી. લેડીઝ વીંગ દ્વારા સુરતના મહિલા ઉદ્યોગ સાહસિકોને ડેવલપ કરવાના હેતુથી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે, આથી લેડીઝ વીંગમાં અત્યાર સુધી જેટલા પણ ચેરપર્સન રહી

ચૂકયા છે અને તેઓએ પોતપોતાના વર્ષોમાં જે કામગીરી કરી છે તેનો આભાર વ્યકત કરવા માટે ચેમ્બર દ્વારા લેડીઝ વીંગના પૂર્વ ચેરપર્સનોનું એટલે કે વડીલોનું સન્માન કરવાનું નકકી કર્યુ હતું.

આ મહા સંમેલનમાં લેડીઝ વીંગના પૂર્વ ચેરપર્સનો દ્વારા કરાયેલા કાર્યો જેવા કે વિવિધ વિષયો પરના સેમિનારો, અવેરનેસ સેશન અને ઇન્ડસ્ટ્રીયલ વિઝીટની નોંધ લેવામાં આવી હતી.

આ પ્રસંગે ચેમ્બરના લેડીઝ વીંગના પૂર્વ ચેરપર્સનોને સન્માનિત કરવામાં આવ્યા હતા. ચેમ્બરના પૂર્વ પ્રમુખોએ લેડીઝ વીંગના ચેરપર્સનો દ્વારા તેઓના કાર્યકાળ દરમ્યાન ચેમ્બરમાં આપવામાં આવેલા યોગદાનને શબ્દરૂપી આલેખ આપીને તેમનો સન્માનજનક ઉલ્લેખ કર્યો હતો.

આ મહા સંમેલનમાં ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, પૂર્વ પ્રમુખો અને લેડીઝ વીંગના પૂર્વ ચેરપર્સનો ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરના લેડીઝ વીંગના વાઇસ ચેરપર્સન શ્રીમતી અલ્પાબેન મદ્રાસીએ મહા સંમેલનમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. લેડીઝ વીંગના તત્કાલિન પૂર્વ ચેરપર્સન શ્રીમતી ગીતાબેન વઘાસિયા તથા લેડીઝ વીંગના એડવાઇઝરો શ્રીમતી રોમાબેન પટેલ અને શ્રીમતી રેશ્માબેન માંડલેવાલા તેમજ સભ્યો શ્રીમતી જ્યોતિબેન લાલવાલા અને શ્રીમતી અમિષાબેન ગાંધીએ મહા સંમેલનને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.